પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૨૦ | ૨ ફેબ્રુઆરી, ૨૦૨૨, બુધવાર; મહા સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# સીતારામનના બજેટથી મધ્યમવર્ગ નારાજ

**૨૨-૨૩ના બજેટમાં ઈન્ફ્રાસ્ટકચર પર જોર, સામાન્ય પ્રજાને ઠેંગો : નાણાંપ્રધાને ટેક્સ સ્લેબમાં ફેરફારની લોકોની અપેક્ષા ન સંતોષી : એલઆઈસીનો આઈપીઓ લાવવાની પણ આખરી તૈયારી કરી લેવાઈ, રિઝર્વ બેંક દ્વારા ક્રિપ્ટોકરન્સી લોન્ચ કરવાની જાહેરાત કરાઈ**





નવી દિલ્હી, તા.૧ દેશનું વર્ષ ૨૦૨૨-૨૩નું સામાન્ય બજેટ આજે નાણાંમંત્રી નિર્મલા સીતારમણ દ્વારા રજૂ કરી દેવાયું છે. જેમાં ૪૦૦ નવી વંદે ભારત ટ્રેનો શરુ કરવા ઉપરાંત, ૨૫,૦૦૦ કિમીના હાઈવે બનાવવાની તેમજ રિઝર્વ બેંક દ્વારા ક્રિપ્ટોકરન્સી લોન્ચ કરવાની જાહેરાત કરાઈ છે. એજ્યુકેશન ક્ષેત્રે પણ હવે સરકાર ડિજિટલ બનવા માગે છે, જેના ભાગરુપે ડિજિટલ યુનિ. તેમજ સ્કૂલના શિક્ષણ માટે વન ક્લાસ-વન ચેનલ શરુ થશે. સરકારે ગામડાં અને ખેડૂતો માટે પણ મહત્વની જાહેરાત કરી છે. શહેરોને વધુ સારા બનાવવા પ્રયાસો શરુ કર્યા છે, અને એર ઈન્ડિયાના વેચાણ બાદ એલઆઈસીનો આઈપીઓ લાવવાની પણ આખરી તૈયારી કરી લીધી છે. જોકે, બીજી તરફ બજેટમાં પગારદાર વર્ગને રાહત થાય તેવી એકેય જાહેરાત નથી કરાઈ. બહુચર્ચિત ક્રિપ્ટોકરન્સીમાં તો સરકારે એવું સ્ટેન્ડ લીધું છે કે 'ખોટ ટ્રેડરની અને નફામાં સરકારનો ૩૦ ટકા ભાગ' જેવી સ્થિતિનું નિર્માણ થયું છે. હોમ લોન કે પછી ૮૦ઝ હેઠળ પગારદાર વર્ગને મળતી રાહતોમાં પણ કોઈ વધારો નથી કરાયો. નાણાંમંત્રીએ આજે પોતાની સમગ્ર બજેટ સ્પીચમાં ઈનકમ ટેક્સ શબ્દનો ઉલ્લેખ સુદ્ધા નથી કર્યો. જેના કારણે પગારદાર વર્ગને નિરાશા સાંપડી છે. બીજી તરફ, સરકારી કર્મચારીઓ માટે નેશનલ પેન્શન સ્કીમમાં છૂટનો વ્યાપ ૧૦ ટકાથી વધારીને ૧૪ ટકા કરવામાં આવ્યો છે. રિટર્ન ભરવામાં કોઈ ભૂલ થાય તો તેને સુધારવા માટે પણ બે વર્ષનો સમય આપવાની બજેટમાં જાહેરાત કરવામાં આવી છે. કસ્ટમ ડ્યૂટીના દરોમાં કરવામાં આવેલા ફેરફારને કારણે લેધરની આઈટમ્સ, કપડાં, મોબાઈલ ચાર્જર સસ્તા થશે. આ ઉપરાંત, ખેતીનો સામાન અને પોલિશ્ડ ડાયમંડ તેમજ જેમ્સ પણ સસ્તાં થશે. અત્યારસુધી ભારતમાં ક્રિપ્ટોકરન્સીના ટ્રેડિંગમાં થતી

● અનુસંધાન પાન-૭ પર

## અફોર્ડેબલ હાઉસિંગ માટે ૪૮૦૦૦ કરોડ

નાણામંત્રી નિર્મલા સીતારમણે બજેટમાં અફોર્ડેબલ હાઉસિંગ સ્કીમને વધુ રાહત આપતા ૪૮,૦૦૦ કરોડ રૂપિયાનું ફંડ આપ્યું છે. સરકારનું ફોકસ હવે શહેરીની સાથે ગ્રામીણ ક્ષેત્રમાં પણ સસ્તા ઘર આપીને દેશની જનતાના પોતાના ઘરનું સ્વપ્ન સાકાર કરવાનો છે. પીએમ આવાસ યોજના હેઠળ ૮૦ લાખ નવા ઘર બનાવાશે.

## રૂપિયા ક્યાંથી આવશે, ક્યાં જશે?

### રૂપિયા ક્યાંથી આવશે?

- દેવાં અને જવાબદારીઓમાંથી ૩૬ ટકા.
- ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)માંથી ૧૫ ટકા.
- આવકવેરામાંથી ૧૪ ટકા.
- કોર્પોરેટ ટેક્સમાંથી ૧૩ ટકા.
- કેન્દ્રીય આબકારી જકાતમાંથી આઠ ટકા.
- કર સિવાયની આવકમાંથી છ ટકા.
- દેવા વગરની મૂડીમાંથી પાંચ ટકા.
- કસ્ટમ ડ્યુટીમાંથી ત્રણ ટકા.

### રુપિયા ક્યાં જશે?

- વ્યાજની ચુકવણી પર ૨૦ ટકા.
- કર અને ડ્યુટીમાં રાજ્યોના હિસ્સા પર ૧૬ ટકા.
- કેન્દ્ર સરકારની પ્રાદેશિક યોજનાઓ પર ૧૪ ટકા.
- ફાઈનાન્સ કમિશન અને અન્ય ટ્રાન્સફર પર ૧૦ ટકા.
- અન્ય ખર્ચ પર ૧૦ ટકા.
- કેન્દ્રીય પ્રાયોજિત યોજનાઓ પર નવ ટકા.
- આઠ ટકા સબસિડી.
- સંરક્ષણ ક્ષેત્ર પર આઠ ટકા.
- પેન્શન પર પાંચ ટકા

## કઈ વસ્તુ સસ્તી થશે, કઈ વસ્તુ મોંઘી થશે?

### શું સસ્તું થશે?

- કપડા
- ચામડાનો સામાન
- મોબાઈલ ફોન
- હીરાના ઘરેણા
- ખેતીનો સામાન
- વિદેશથી મંગાવાતી વસ્તુઓ
- ઈલેક્ટ્રોનિક વસ્તુઓ
- સ્ટીલ
- બટન
- ઝિપર
- પેકિંજિંગ બોક્સ
- મેથોનોલ

### શું મોંઘું થશે?

- દારુ
- કોટન
- ખાદ્ય તેલ
- એલઈડી લાઈટ
- ઈમિટેશન જ્વેલરી
- છત્રીઓ
- બ્લેન્ડિંગ વગરનુ ફ્યુલ કે જેના પર પ્રતિ લિટર બે રુપિયા એક્સાઈઝ ડ્યુટી લાગશે.

## મેક ઈન ઈન્ડિયા હેઠળ ૬૦ લાખ નવી નોકરી અપાશે

નવી દિલ્હી, તા.૧

સરકારે બજેટમાં યુવાઓને મોટી રાહત આપી છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે ૬૦ લાખ નવી નોકરીની જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે, ૩૦ લાખ વધારાની નોકરી આપવાની ક્ષમતા છે. નિર્મલા સીતારમણે કહ્યું કે, આત્મનિર્ભર ભારત અંતર્ગત ૧૬ લાખ નોકરી આપવામાં આવશે. મેક ઈન ઈન્ડિયા હેઠળ ૬૦ લાખ નોકરી આપવામાં આવશે. ડિજિટલ યુનિવર્સિટી બનાવવામાં આવશે અને શાળાઓમાં દરેક વર્ગમાં સ્માર્ટ ટીવી લગાવવાનું કામ કરવામાં આવશે. સ્કીલ ઈન્ડિયા મિશન દ્વારા યુવા શક્તિ બનાવવા માટે અને સરકારી યોજનાઓ હેઠળ કુશળ કામદારો બનાવવા માટે કામ કરવામાં આવશે.

## દંડ ભરીને બે વર્ષ પહેલાંના રિટર્ન અપડેટ કરી શકાશે

નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે લોકસભામાં સામાન્ય બજેટ રજૂ કર્યું. આવકવેરાના નિયમો પર તેમણે કહ્યું કે આવકવેરા નિયમોમાં મોટા સુધારા કરવામાં આવશે. ટેક્સપેયર્સને અપડેટેડ રિટર્ન ભરવાની તક મળશે. નાણામંત્રી નિર્મલા સીતારમણ તરફથી કરાયેલી જાહેરાત બાદ હવે દંડ ભરીને ૨ વર્ષ પહેલાના આઈટી રિટર્ન અપડેટ કરી શકાશે. અનેકવાર ટેક્સપેયર્સથી ભૂલ થઈ જાય છે હવે સરકાર તરફથી આ ભૂલને સુધારવા માટે અપડેટ કરવાની તક મળશે.

## કોફી રંગની સાડી પહેરીને સિતારમને બેજેટ રજૂ કર્યુ

બજેટ ૨૦૨૨ રજૂ કર્યા પહેલા નાણા મંત્રી નિર્મલા સીતારામણ જ્યારે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ સાથે શિષ્ટાચાર મુલાકાત કરવા પહોંચ્યા તો તેમણે કોફી કલરની સાડી પહેરી હતી. આ વખતે તેઓ પોતાનુ બજેટ ભાષણ આ રંગની સાડીમાં આપશે. પહેલાના બજેટમાં તેમણે કેવા પ્રકારનો લુક અપનાવ્યો હતો એ જાણવું વાચકો માટે રસપ્રદ બનશે. નાણા મંત્રી નિર્મલા સીતારામણનુ આ ચોથુ બજેટ છે. અગાઉ તેઓ ૩ બજેટ રજૂ કરી ચૂક્યા છે. આ વખતે નિર્મલા સીતારામણની સાથે તેમના જૂના સાથી અનુરાગ ઠાકુર જોવા મળશે નહીં, જે છેલ્લા ૩ બજેટમાં તેમની સાથે રહ્યા છે. તેનુ કારણ તેમને નાણા રાજ્યમંત્રીના સ્થાને હવે માહિતી પ્રસાર મંત્રાલયની કમાન આપી છે. નાણા મંત્રી નિર્મલા સીતારામણે ૨૦૧૯માં જ્યારે પોતાનુ પહેલુ બજેટ ભાષણ વાંચ્યુ ત્યારે તેમણે બેંગની રંગની સિલ્ક સાડીમાં સંસદ ભવન પહોંચ્યા હતા. તે દિવસે દેશના ઈતિહાસમાં એક નવો અધ્યાય જોડાયો, કેમ કે દેશે ઈન્દિરા ગાંધીના ૧૯૭૦ ના બજેટ ભાષણ બાદ પહેલી વાર કોઈ મહિલા નાણા મંત્રીને બજેટ રજૂ કરતા જોયા હતા. નાણા મંત્રીનુ ૨૦૧૯નુ બજેટ ભાષણ વધુ એક મોટા પરંપરાગત પરિવર્તનનુ સાક્ષી રહ્યુ.

## રમત-ગમત માટેની રકમમાં ૩૦૦ કરોડનો જંગી વધારો

નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે રજૂ કરાયેલા બજેટમાં રમત ગમત માટે ફાળવવામાં આવતી રકમમાં ૩૦૦ કરોડ રુપિયાનો જંગી વધારો કરવામાં આવ્યો છે. જોકે સાથે સાથે નહેરુ યુવા સંગઠન કેન્દ્ર તેમજ રાજીવ ગાંધી રાષ્ટ્રીય યુવા વિકાસ સંસ્થાનના બજેટમાં કાપ મુકવામાં આવ્યો છે.નહેરુ યુવા સંગઠન કેન્દ્રનુ બજેટ ૩૬૪ કરોડથી ઘટાડીને ૩૨૫ કરોડ કરાયુ છે.બીજી તરફ રાજીવ ગાંધી રાષ્ટ્રીય યુવા વિકાસ સંસ્થાનનુ બજેટ પણ ૨૫ કરોડ રુપિયાથી ઘટાડીને ૨૪ કરોડ રુપિયા કરવામાં આવ્યુ છે. નહેરુ યુવા સંગઠન કેન્દ્ર હેઠળ ગ્રામ્ય વિસ્તારના યુવાનો માટે સ્કિલ ડેવલપમેન્ટના પ્રોજેક્ટ ચલાવાય છે. આ વખતે રમત ગમતના બજેટમાં કોમનવેલ્થ ગેમ્સ સાથેના બજેટમાં પણ કાપ મુકાયો છે.આ વખતે તેનુ બજેટ ૩૦ કરોડ રખાયુ છે અને તે પહેલા ૧૦૦ કરોડ રુપિયા હતુ.

## ત્રણ વર્ષમાં ૪૦૦ નવી વંદેભારત ટ્રેન તૈયાર કરાશે

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ લોકસભામાં દેશનું બજેટ રજૂ કર્યું છે. આ બજેટમાં ૧૬ લાખ યુવાઓને નોકરી આપવાનું વચન આપવામાં આવ્યું છે. કહેવામાં આવ્યું કે આ બજેટથી આગામી ૨૫ વર્ષનો પાયો નાખવામાં આવશે. દાવો છે કે આ બજેટમાં તમામ વર્ગ માટે કંઈક રાખવામાં આવ્યું છે. આ વચ્ચે નાણામંત્રીએ જાહેરાત કરી કે આગામી ત્રણ વર્ષમાં ૪૦૦ નવી વંદેભારત ટ્રેન તૈયાર કરવામાં આવશે. હકીકતમાં પોતાના બજેટ ભાષણમાં નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે, આગામી ત્રણ વર્ષમાં ૪૦૦ નવી વંદેભારત ટ્રેન તૈયાર કરવામાં આવશે. આ સાથે આગામી ત્રણ વર્ષમાં ૧૦૦ પીએમ ગતિ શક્તિ કાર્ગો ટર્મિનલ તૈયાર કરવામાં આવશે. સાથે ૮ નવાવ રોપવેનું નિર્માણ થશે. વંદે ભારત ટ્રેન દેશની પ્રથમ સ્વદેશી તકનીકથી નિર્મિત થનારી સેમી હાઈ સ્પીડ ટ્રેન છે. આ સાથે નાણામંત્રીએ જણાવ્યું કે, ૨૦૨૨-૨૩ વચ્ચે નેશનલ હાઈવેની લંબાઈ ૨૫,૦૦૦ km સુધી વધારવામાં આવશે.

## આફત વચ્ચે વિકાસનો નવો વિશ્વાસ લાવનારું બજેટ : મોદી

**અર્થવ્યવસ્થાને મજબૂત કરવા ઉપરાંત બજેટ સામાન્ય લોકો માટે ઘણી નવી તકો ઊભી કરશે એવો મોદીનો અભિપ્રાય**



નવી દિલ્હી, તા.૧ નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે કેન્દ્રીય બજેટ રજૂ કર્યું. તેના પ્રત્યાઘાતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે આ બજેટ ૧૦૦ વર્ષની ભયાનક આફત વચ્ચે વિકાસનો નવો વિશ્વાસ લાવ્યો છે. અર્થવ્યવસ્થાને મજબૂત કરવા ઉપરાંત આ બજેટ સામાન્ય માણસ માટે ઘણી નવી તકો ઊભી કરશે. તેમણે કહ્યું કે આ બજેટ વધુ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, વધુ રોકાણ, વધુ વૃદ્ધિ અને વધુ નોકરીઓની નવી સંભાવનાઓથી ભરેલું છે. આનાથી ગ્રીન જોબ્સનો વિસ્તાર પણ ખુલશે. એમ પણ કહ્યું કે આ બજેટ વર્તમાન મુદ્દાઓને હલ કરે છે અને આપણા યુવાનો માટે મજબૂત ભવિષ્યની ખાતરી આપે છે. જે રીતે અમારું બજેટ મંજૂર કરવામાં આવ્યું છે તેનાથી અમારા આત્માને ભારતના લોકોની સેવા કરવાની શક્તિ મળી છે.

પીએમ મોદીએ કહ્યું કે દેશમાં પહેલીવાર પર્વતમાલા યોજના હિમાચલ, ઉત્તરાખંડ, જમ્મુ અને કાશ્મીર, ઉત્તર પૂર્વ જેવા વિસ્તારો માટે શરૂ કરવામાં આવી રહી છે. આ યોજના પર્વતો પર પરિવહનની આધુનિક વ્યવસ્થા ઊભી કરશે. તેને ધ્યાનમાં રાખીને પર્વતમાલા યોજના શરૂ કરવામાં આવી રહી છે. આ યોજના પર્વતીય વિસ્તારોમાં પરિવહન અને કનેક્ટિવિટીને વેગ આપશે. તે આપણી સરહદો પરના ગામોને વધુ જીવંત બનાવશે. તેમણે કહ્યું કે ભારતની જનતાની આસ્થા, માતા ગંગાની સ્વચ્છતાની સાથે ખેડૂતોના કલ્યાણ માટે એક મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. આ પાંચ રાજ્યો ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, ગંગા કિનારે કુદરતી ખેતીને પ્રોત્સાહન આપવામાં આવશે.

## દેશમાં કેસ ઘટ્યા પણ વધતા દૈનિક મોત ચિંતાનજક છે

**છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૬૭૦૫૯કેસ, ૧૧૯૨ના મોત : BA.1થી સંક્રમિત લોકોની સરખામણીમાં મ્છ.૨ સબ વેરિએન્ટથી સંક્રમિત લોકોમાં અન્યને સંક્રમિત કરવાની સંભાવના ૩૩% થી વધુ છે**

નવી દિલ્હી,તા.૧

દેશમાં કોરોનાના કેસ ઘટી રહ્યા છે પણ મૃત્યુઆંકમાં વધારો થઈ રહ્યો છે. છેલ્લા થોડા દિવસોથી ઘટી રહ્યા છે. દેશમાં કોરોનાના નવા કેસ સૌથી વધુ કેરળ, તમિલનાડુમાં સામે આવી રહ્યા છે. દેશમાં ફેબ્રુઆરીના પ્રથમ દિવસે જ બે લાખથી ઓછા કેસ નોંધાયા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યા મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ૧,૬૭,૦૫૯ નવા કેસ નોંધાયા છે અને ૧૧૯૨ સંક્રમિતોએ જીવ ગુમાવ્યો છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૨,૫૪,૦૭૬ સંક્રમિતો સાજા થયા છે. દેશમાં દેશમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા ૧૭,૪૩,૦૫૯ પર પહોંચી છે. દૈનિક પોઝિટિવિટી રેટ ૧૧.૬૯ ટકા છે. સ્વાસ્થ્ય મંત્રાલયના છેલ્લા એક સપ્તાહના આંકડાઓ પર નજર કરીએ તો એવું લાગે છે કે દેશમાં કોવિડ સંક્રમણના કેસમાં ભલે ઘટાડો થયો હોય, પરંતુ આ સમયે મૃત્યુઆંકને અવગણી શકાય તેમ નથી. ૩૧ જાન્યુઆરીએ દેશમાં ૯૫૯ લોકોના મોત થયા છે, જ્યારે ૨૫ જાન્યુઆરીએ દેશમાં રેકોર્ડ ૬૧૪ મૃત્યુની પુષ્ટિ થઈ હતી.

જો આ ૭ દિવસના દૈનિક મૃત્યુનો સરવાળો કરીએ તો કુલ આંકડો ૫ હજારથી વધુ થાય છે. જે દેશના આરોગ્ય નિષ્ણાતોને ચિંતામાં મૂકે છે. કારણકે એક તરફ દેશમાં કોવિડ રિકવરી રેટ વધી રહ્યો છે. કોવિડના કેસ પણ ઘટી રહ્યા છે પરંતુ મૃત્યુઆંક ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે. ઓમિક્રોનનો સબ વેરિએન્ટ BA.2 બેસિક સ્ટ્રેનથી વધુ સંક્રામક છે. આ વેક્સીન લઈ ચુકેલાં લોકોને પણ સંક્રમિત કરવાની ક્ષમતા રાખે છે.

## સરકારે બજેટમાં સામાન્ય પ્રજાને કોઈ રાહત ન આપી : કોંગ્રેસ

નવી દિલ્હી, તા.૧

નાણા મંત્રી નિર્મલા સીતારામણે આજે સંસદમાં બજેટ રજૂ કર્યું હતું. બજેટમાં યુવાનો માટે રોજગાર, ગરીબો માટે ઘર અને નવી ટ્રેનોને લઈ અનેક મહત્વની જાહેરાતો કરવામાં આવી હતી. જોકે ઈક્મ ટેક્સ સ્લેબમાં કોઈ ફેરફાર નથી કરવામાં આવ્યો. ત્યારે બજેટ પર વિવિધ પ્રતિક્રિયાઓ આવવાનંર ચાલુ થઈ ગયું છે. દેશની વિપક્ષી પાર્ટી કોંગ્રેસે બજેટ મુદ્દે સરકાર પર આકરો

● અનુસંધાન પાન-૭ પર


## બેસણું



**સ્વ. મનુભાઈ લાલદાસ પટેલ (લાટીવાળા)**

દુઃખદ જણાવવાનું કે અમારા પૂજ્ય પિતાશ્રી મનુભાઈ લાલદાસ પટેલ તા. ૨૯-૧-૨૦૨૨ને શનિવારના રોજ દેવલોક પામ્યા છે.

પરમાત્મા તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રભુને પ્રાર્થના.

: સદ્‌ગતનું બેસણું :
તા. ૩-૨-૨૦૨૨, ગુરૂવારના રોજ
સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ કલાક રાખેલ છે.

: સ્થળ :
જાગેશ્વર મહાદેવની વાડી
ભાગોળ, રાંધેજા, તા. જી. ગાંધીનગર

લિ.

શ્રી નિલેશભાઈ મનુભાઈ પટેલ (પુત્ર)
શ્રી દિનેશભાઈ સોમાભાઈ પટેલ (ભત્રીજો)
શ્રી વિનોદભાઈ સોમાભાઈ પટેલ (ભત્રીજો)
શ્રી સાહીલ દિનેશભાઈ પટેલ (પૌત્ર)
શ્રી સ્મિત નિલેશભાઈ પટેલ (પૌત્ર)

શ્રી નિલેશભાઈ મનુભાઈ પટેલ
મો. ૯૮૨૫૯ ૦૯૭૯૮

શ્રી દિનેશભાઈ સોમાભાઈ પટેલ
મો. ૯૪૨૭૬ ૨૩૫૮૮

ફર્મ : મેસર્સ લાલભાઈ વેણીદાસ પટેસ, શ્રી ઉમિયા ફાયરવુડ સપ્લાયર, હરિહર ટ્રાન્સપોર્ટ

**પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સમયે અને સ્થળે રાખેલ છે.**

શ્રી ભુપેન્દ્રભાઈ મંગળદાસ પટેલ
મો. ૯૮૯૮૦ ૦૪૭૨૬

શ્રી તેજસ ભુપેન્દ્રભાઈ પટેલ
મો. ૯૮૯૮૦ ૯૪૭૨૬

સરકારશ્રીની ગાઈડલાઈન પ્રમાણે ટેલીફોનીક બેસણું પણ રાખેલ છે.